# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,ગાંધીનગર
# કાર્યક્રમ સલાહકાર સમિતિ (પી.એ.સી) બેઠક મિનિટ્સ
# વર્ષ- 2020-21

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,ગાંધીનગર દ્વારા કાર્યક્રમ સલાહકાર સમિતિ (પી.એ.સી) બેઠકનું આયોજન મા.જિલ્લા કલેકટરશ્રી વ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના અધ્યક્ષ સ્થાને તા. 27/01/2021ના રોજ સવારે 12.00 કલાકે નીચે પ્રમાણેના એજન્ડા માટે કલેટર કચેરી, કોન્ફરન્સ હોલ ખાતે કરવામાં આવેલ.

<u>એજન્ડા:-</u>

- ડાયટ દ્વારા વર્ષઃ- 2020-21 દરમિયાન વિવિધ સ્કીમ અન્વયે થયેલ તાલીમ/ કાર્યક્રમોની રજુઆત
- ડાયટના વર્ષઃ- 2021-22ના વાર્ષિક આયોજન અન્વયેના તાલીમ/કાર્યક્રમોની રજુઆત, બહાલી
- અધ્યક્ષ સ્થાનેથી રજૂઆત થાય તે

સૌ પ્રથમ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગરની કાર્યક્રમ સલાહકાર સમિતિ (પી.એ.સી) બેઠક મા.અધ્યક્ષશ્રી જિલ્લા કલેકટર તથા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સાહેબશ્રીના અનુમોદનથી શરૂઆત કરવામાં આવી. બેઠકમાં પી.એ.સી કમિટીના મેમ્બર્સ ઉપસ્થિત રહેલ.<u>જેની યાદી આ સાથે સામેલ છે.</u>

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગરના માન.પ્રાચાર્યશ્રી(બેઠકના કન્વીનર) આઇ.વી.પટેલ દ્વારા જિલ્લાના મા. કલેકટર વ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું પુષ્પથી સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ કાર્યક્રમ સલાહકાર સમિતિ (પી.એ.સી)ના તમામ સભ્યોનું અભિવાદન કરેલ.

માન. પ્રાચાર્યશ્રી દ્વારા બેઠકની બ્રીફ આપી પ્રથમ એજન્ડા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર દ્વારા વર્ષઃ- 2020-21 દરમ્યાન વિવિધ સ્કીમ હેઠળ થયેલ તાલીમ/ કાર્યક્રમોની માહિતીની રજૂઆત પ્રેઝન્ટેશન થકી કરેલ.જેની મુખ્ય બાબતો નીચે પ્રમાણે છે.

- 'National Initiative for School Heads and Teachers Holistic Advancement (NISHTHA)' તાલીમ

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020
- જિલ્લા તથા તાલુકાના કેળવણીના ઇતિહાસ
- ઓન લાઇન શિક્ષક તાલીમ
- " SPArSH" (State Programme on Adolescent School Health) તાલીમ



માન. પ્રાચાર્યશ્રી દ્વારા બેઠકના એજન્ડા નં- 2, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગરના વર્ષઃ- 2021-22ના વાર્ષિક આયોજન અન્વયેના તાલીમ/કાર્યક્રમોની રજુઆત પ્રેઝન્ટેશન થકી કરેલ. જેની મુખ્ય બાબતો નીચે પ્રમાણે છે.

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ( NEP -2020):-
    - માસ્ટર ટ્રેનર્સ તાલીમ
    - પ્રાથમિક શાળાના આચાર્યો માટે તાલીમ
    - ધોરણ 3 થી 5ના શિક્ષકો માટે તાલીમ
    - ધોરણ 6 થી 8ના શિક્ષકો માટે તાલીમ
- લાઇફ સ્કીલ અને કલીન સ્કૂલ અન્વયે માધ્યમિક શાળાના આચાર્ય તાલીમ
- ધોરણ -5 પર્યાવરણ પાઠ્યપુસ્તક પુસ્તક આધારિત વિષયવસ્તુ સજ્જતા તાલીમ

- વોકેશનલ ગાઇડન્સ કાર્યક્રમ
- આંગણવાડી કાર્યકર વ્યવસાયિક સજ્જતા તાલીમ
- <u>ઇન્ફર્મેશન કોમ્પ્યુનીકેશન ટેકનોલોજીઃ-</u>
  - ડીસ્ટ્રીકટ રીસોર્સ ગ્રુપ ઓરીએન્ટેશન તથા માસ્ટર ટ્રેનર્સ કાર્યક્રમો
  - દિક્ષા પોર્ટલ પર ઓનલાઇન કોર્સ ડેવલોપમેન્ટ વર્કશોપ
  - ઓનલાઇન શિક્ષક તાલીમ અન્વયે સાહિત્ય નિર્માણ તથા માર્ગદર્શન તાલીમ
  - પ્રાથમિક તથા માધ્યમિક શાળાના આચાર્યોને તાલીમ




મા.અધ્યક્ષશ્રી તથા બેઠકમાં ઉપસ્થિત પી.એ.સી કમિટીના તમામ મેમ્બર્સે ધ્યાન પૂર્વક પ્રેઝન્ટેશન નિહાળી રજુઆતને સાંભળેલ. માન. પ્રાચાર્યશ્રી દ્વારા બેઠકના એજન્ડાની રજૂઆત થયા બાદ માનનીય કલેકટર વ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ ડાયટ દ્વારા થતી કામગીરીને બિરદાવી વર્ષઃ-2021-22ના વાર્ષિક આયોજનના કાર્યક્રમોને બહાલી આપવામાં આવેલ. માનનીય કલેકટર વ જિલ્લા

મેજીસ્ટ્રેટશ્રી તથા બેઠકના સભ્યોએ નીચે પ્રમાણે માર્ગદર્શન અને નીડ જણાવી ડાયટની શિક્ષણની ગુણવત્તા સુધારની કામગીરીને બહેતર બનાવવા અનુરોધ કરેલ.

- માનનીય કલેકટરશ્રી દ્વારા ટ્રેનીંગ મેનેજમેન્ટ સીસ્ટમના નિર્માણની હિમાયત કરેલ, જેથી શિક્ષક તાલીમમાં એકના એક શિક્ષકનું પુનરાવર્તન નિવારી શકાય.
- ડી.એલ.એડ્ કોલેજના પ્રિન્સીપાલશ્રી ડૉ. ગાયત્રીબેન દ્વારા ડાયટ દ્વારા યોજાતી વિષય વસ્તુની તાલીમમાં ડી.એલ.એડ્ કોલેજના અધ્યાપકોને તાલીમમાં જોડવાની નીડ જણાવી.
- ITOWE Foundation NGOના શ્રી પાર્થેશભાઇ દ્વારા શિક્ષકોના ઉત્તરદાયિત્વ માટે વિષય વસ્તુ સજ્જતા તથા મેથડોલોજીને અસરકારક બનાવવા માટે ડાયટ દ્વારા નવીન પ્રવાહોથી શિક્ષકોને માર્ગદર્શિત કરવાનું સૂચન કરેલ.

મા.અધ્યક્ષશ્રી જિલ્લા કલેકટર તથા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એ કામની વ્યસ્તતા વચ્ચે પણ એજન્ડાના મુદ્દાઓની સમીક્ષા માટે પ્રયાપ્ત સમય ફાળવેલ.

અંતમાં મા.અધ્યક્ષશ્રી જિલ્લા કલેકટર તથા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ ડાયટ દ્વારા કરવામાં આવતી સુંદર કામગીરીને પ્રોત્સાહિત કરવામાં આવેલ. માન. પ્રાચાર્યશ્રી દ્વારા મા.અધ્યક્ષશ્રી જિલ્લા કલેકટર તથા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તથા બેઠકમાં ઉપસ્થિત તમામ સભ્યોનો જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,ગાંધીનગર વતી આભાર માની બેઠકનું સમાપન કરેલ.

આપનો વિશ્વાસુ

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
ગાંધીનગર

નકલ સવિનય રવાના:
માનનીય કલેકટરશ્રી, ગાંધીનગર